# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**<u>વંચાણે લીધા</u>:** (૧) અત્રેની કચેરીનો તા.૧૮.૧૨.૨૦૦૬નો પત્ર શેરા ક્રમાંક જા.નં. નકૃયુ/રજી/અ.૩.૨(૨)/ ૨૫૩૦–૮૦/૨૦૦૬.
(૨) પ્રમુખશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ખેતી મદદનીશ વર્ગ–૩, તાંત્રિક કર્મચારી મંડળની તા.૦૫.૦૧.૨૦૨૦ ની રજુઆત.
(૩) પ્રોટેકટીવ વેર્સની નાણાંકિય મર્યાદામાં વધારા માટે નિમાટેલ કમિટિની તા.૨૦.૦૩.૨૦૨૦ની કાર્યનોંધ.

**કૃષિ સંશોધન કેન્દ્રો / લેબોરેટરી / પશુ સંશોધન કેન્દ્રો / પશુંપાલન / ડેરી વગેરેમાં ફરજ બજાવતા તાંત્રિક કર્મચારીઓના પ્રોટેકટીવ વેર્સની કિંમત મર્યાદા વધારવા બાબત..**

## <u>પરિપત્ર</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળના તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રો, ડેરી, પશુપાલન કેન્દ્ર, ફાર્મ તથા લેબોરેટરીમાં ફરજ બજાવતા તાંત્રિક કર્મચારીઓને વંચાણે લીધેલ ક્રમ – ૧ના પત્ર શેરા સાથે સામેલ પરિશિષ્ટ–અ માં સૂચવેલ નાણાંકીય મર્યાદામાં રહીને પ્રોટેકટીવ વેર્સ પુરા પાડવામાં આવે છે. આ નાણાંકીય મર્યાદામાં વધારો કરવા માટે ઉકત વંચાણે લીધેલ ક્રમ નં. – ૨ થી મળેલ રજુઆત ધ્યાને લઈ અત્રેથી નિયુકત કરેલ કમિટિ પાસે અભિપ્રાય મંગાવતા કમિટિ તરફથી મળેલ ઉકત વંચાણે લીધેલ ક્રમ નં. –૩ ની કાર્યનોંધની ભલામણને માન. કુલપતિશ્રીએ મંજુર કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ–અ મુજબ જે તે પ્રોટેકટીવ વેર્સની નાણાંકીય મર્યાદામાં સુધારો કરવામાં આવે છે.

વધુમાં સંબંધિત વિભાગોએ પ્રોટેકટીવ વેર્સ જરૂરિયાત નકકી કરી નાણાંકીય મર્યાદામાં રહીને સ્ટેચ્યુટની જોગવાઈને આધિન ખરીદ પધ્ધતિના નિયમોનુસાર ખરીદવાના રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે. જેનો અમલ તા.૦૧.૦૪.૨૦૨૦ થી કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/પ્રોટેકટીવ વેર્સ/ ૩૨૩૫-૮૪ /૨૦૨૦
તા. ૨૭/૦૪/૨૦૨૦

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારુ.
(૨) પ્રમુખશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ખેતી મદદનીશ વર્ગ–૩, તાંત્રિક કર્મચારી મંડળ તરફ જાણ સારુ.

## કુલસચિવશ્રીની કચેરી,
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**<u>પરિશિષ્ટ–અ</u>**

**<u>કૃષિ સંશોધન કેન્દ્રો / લેબોરેટરી / પશુ સંશોધન કેન્દ્રો / પશુપાલન / ડેરી વગેરેમાં ફરજ બજાવતા તાંત્રિક કર્મચારીઓના પ્રોટેકટીવ વેર્સની કિંમત મર્યાદા દર્શાવતુ પત્રક</u>**

| અ.નં. | વસ્તુનું નામ | કેટલા વર્ષે આપવાના થાય | કમિટિએ કરેલ ભલામણ મુજબની નાણાંકીય મર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | હન્ટર શુઝ / ગમબુટ | દર ૨ – વર્ષે ૧ – જોડી | ૧૦૦૦/– થી વધારે નહી | – |
| ૨. | રેઈન કોટ / ટોપી સાથે | દર ૪ – વર્ષે | ૧૦૦૦/– થી વધારે નહી | – |
| ૩. | સમર કેપ | દર વર્ષે | ૧૦૦/– થી વધારે નહી | – |
| ૪. | <u>એપ્રોન / લેબોરેટરી કોટ</u><br>ફિલ્ડ એપ્રોન (કાપડ) | દર વર્ષે | ૧૦૦૦/– થી વધારે નહી | કચેરીમાં જમા કરાવવા |
| | લેબોરેટરી એપ્રોન (કાપડ અથવા પ્લાસ્ટીક) | દર વર્ષે | ૬૦૦/– થી વધારે નહી | કચેરીમાં જમા કરાવવા |
| | ડાંગરી એપ્રોન (એનીમલના ઓપરેશન માટે) | દર વર્ષે | ૧૨૦૦/– થી વધારે નહી | કચેરીમાં જમા કરાવવા |
| ૫. | હાથ મોજા | દર વર્ષે | ૮૦/– કાપડ / ઉનના<br>૧૭૦/– રબર/પ્લાસ્ટીકના | કચેરીની જરૂરિયાત મુજબ |
| ૬. | માઉથ કલોથ | દર વર્ષે | ૪૦/– થી વધારે નહી | કચેરીમાં જમા કરાવવા |
| ૭. | માઉથ માસ્ક | દર ૫ – વર્ષે | ૨૦૦/– થી વધારે નહી | (ફાર્મ, લેબોરેટરીમાં દવા છાંટવાની જરૂરીયાત હોય તેવા વિભાગમાં જરૂરીયાત પુરતા ખરીદવા અને દવા છાંટવા જે જાય તે ઉપયોગ કરે) |

(સહી)

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**